# -: ખિદમતે વાલેદૈન :-

કુરઆને કરીમમાં અકસર જગા પર અલ્લાહતઆલા એ પોતાની તાઅત અને ઈબાદત સાથે જ મુમીન પર તેના માઁ-બાવાજી સાથે બેહતર સુલૂક કરવાનો હુકુમ કીધો છે. ઈરશાદે રબ્બાની થાય છે કે, **"વબિલ વાલેદૈને એહસાના"** યાઅની કે અલ્લાહની ઈબાદત સાથે વાલેદૈન પર એહસાન કરવું લાઝિમ છે, બીજી એક આયતમાં ઝિક્ર છે કે, **"અનિશકુર લી વલેવાલેદૈકા"** યાઅની કે તું મારો શુક્ર કર અને તારા વાલેદૈનનો પણ શુક્ર બજા લાવ. અલ્લાહતઆલાએ વાલેદૈનમાંથી વાલેદા-માઁ પર એહસાન કરવાની-ખિદમત કરવાની ખાસ ઝિક્ર કીધી છે. હ. મુસા કલીમુલ્લાહ (અ.સ.) અને હ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.) ની ઝિક્રમાં અલ્લાહતઆલાએ કુરઆનમાં આપ સાહેબોના વાલેદા માજેદાના ઈકરામ અને એહતેરામની ખુસૂસી ઝિક્રે ખૈર કીધી છે. બચ્ચાની કફાલત, દેખરેખ, તાઅલીમ, પરવરિશ માઁની આગોશથી શુરૂ થાય છે; બચ્ચા પર માઁનો હક્ક પહેલો છે પછી બીજા તેના કરાબતવાલાનો છે. તાવીલની ઝબાનમાં કહીએ તો વાલેદા-માઁનો મરતબો વસીના મરતબા મુજબ છે, જે ઘણો અઝીમ અને અફઝલ છે. જે મુજબ વસી તેના નબીની શરીઅતથી મુમેનીનના ઈમાનને મઝબૂત કરે છે, તેમ માઁ પોતાની ઔલાદની પરવરિશ કરે છે. હવે વાલિદ-બાવાજી તો તેની ઔલાદ અને માઁ બેવેના કફીલ છે, પરવરિશ કરનાર છે. બાવાજીનો મરતબો નબીની જેમ છે. નબીએ નાતિક તેના વસી અને મુમેનીન બેવેની દીની અને ઈમાની પરવરિશ કરે છે, બેવેના કફીલ છે, એની નજાતના ઝામિન હોય છે. આ જ સબબથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ઉમ્મતના બાવાજી કહેવાયા, ઉમ્મી કહેવાયા. મરદે મુમીન પર વાજિબ છે કે પોતાના માઁ-બાવાજી સાથે બેહતર તરીકાથી પેશ આવે, કેમકે એ બેવે તેની ઝાહેરી જીસ્માની સૂરતના વુજૂદના સબબ છે. ***માઁ-બાવાજીની હસ્તીથી દુનિયામાં તેની હસ્તી છે, વાલેદૈનનું તેને સાથે હોવું દુનિયાની ઊંચામાં ઊંચી અને કીમતીમાં કીમતી નેઅમત છે.*** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મૌલાના અલી (અ.સ.)ને ફરમાવું કે, "અય અલી, તમેં અને મેં ઉમ્મતના માઁ-બાવાજી છે." યાઅની દીન અને ઈમાનથી મુમેનીન નબી-વસી સાથે તેમજ હુજ્જત-ઈમામ-દાઈ સાથે જોડાયેલા છે. ઈમાનના રિશ્તાના સબબ નબી-વસીની મસ્નદે દાઅવત પર અમરના સાહબ હોય પછી તે ઈમામ હોય યા દાઈ હોય, મુમેનીનના રૂહાની અને દીની વાલેદૈન છે. આ વાલેદૈન મુમેનીનનો અહદો મીસાક લઈને, હિદાયત બખ્શીને, ઈમાનમાં દાખિલ કરીને તેમની દીની પરવરિશનો સરઅંજામ કરે છે. સાહબે હક્ક મુમેનીનને રૂહાની રિશ્તાના નાતે હક્ક સમઝાવે છે, શીખામણ દે છે, જન્નતનો શૌક અપાવે છે, જહન્નમનો ખૌફ પૈદા કરે છે અને હર કિસ્મના ગુનાહથી બચવાની તન્બીહ કરે છે. ઔલાદ વાસ્તે ભલાઈ અને બેહતરી એમાં જ છે કે, (૧) પોતાના રૂહાની તથા જીસ્માની માઁ-બાવાજીની તાઅઝીમ કરે, તકરીમ કરે. (૨) જે વક્ત વાલેદૈન ને આવતા જોઈ તો ફૌરન અદબથી ઉભા થઈ જાય. (૩) એ બેવેની પુકાર અને નિદાનો તરત જ જવાબ આપે, તેમાં તાખીર ન કરે. (૪) વાલેદૈનને સાથે વાત કરે તો આઁખોને નીચી રાખે, તેમને ઘુરી ઘુરીને જોઈ નહીં. (૫) વાત કરતા કરતા વાલેદૈન પર ગુસ્સો ન કરે, ઊંચો આવાઝ ન કરે. (૬) જે હુકુમ એ બેવે કરે તેની તાઅઝીમ કરે અને કુબૂલ રાખે. (૭) કોઈ વાતમાં નાઈત્તેફાકી હોય તો પણ પૂરા લેહાઝ અને તમીઝથી પેશ આવે, નમ્રતાઈ રાખે. (૮) રોશની હોય અને વાલેદૈન સાથે ચાલતા હોય તો એમને આગલ ન થઈ જાય. (૯) અને અંધારામાં તેમને સાથે ચાલતા હોય તો આગલ થઈ જાય જેથી રસ્તામાં કોઈ તકલીફદેહ ચીઝ હોય તો વાલેદૈન તેથી બચી જાય, અને તે તકલીફને ખુદ પર લઈ લે. (૧૦) અને વાલેદૈનની કોઈ પણ તરહથી ખિલાફવરઝી યા મુખાલેફત ન કરે, જે કહે યા કરે યા સોચે તેમાં જ પોતાની બેહતરી સમઝે. (૧૧) વાલેદૈનથી કંટાલી તેમને ધમકાવે નહીં અને ઉફ્તુફ ન કરે. (૧૨) માઁ-બાવાજીની મોહબ્બતના સાથે તેમની ઉમ્રદરાઝીનો ખ્વાહિશમંદ રહે અને તેમનો હર તરહનો ખયાલ રાખે અને દુઆ કરે કે, **"રબ્બિર હમહોમા કમા રબ્બેયાની સગીરા"**, અય મારા પરવરદિગાર, મારા માઁ-બાવાજી પર રહેમત કર, જેમ એ બેવેએ મને પાલીને મોટો કીધો. હું જે વક્ત નાનો હતો તો મારા વાલેદૈન મારી ઉમ્રદરાઝી અને સરફરાઝીના ખ્વાહિશમંદ હતા અને આઅલા તૌર પર મારી પરવરિશ કીધી. **તો અય મારા રબ, તું મને એવી નેક તૌફીક અતા કર જેથી હું તેમને વાસ્તે આઁખોની ઠંડક અને દિલનું ચૈન બનું. તેમની ઝઇફીમાં સહારો બનું અને તેમના તકાઝાઓ-ઉમ્મીદોને પૂરી કરી શકું.** રિવાયતમાં છે કે, એક શખ્સે નઝર માની કે એની ફલાની ઉમ્મીદ પૂરી થાશે તો તે જન્નતની દેહલીઝને ચૂમશે. અલ્લાહતઆલાએ એની ઉમ્મીદ પૂરી કીધી, તો એ રસૂલેમકબૂલ (સ.અ.વ.વ.) નઝદીક આવો અને અરઝ કીધી કે, એને આ મિસ્લની નઝર માની છે, તો હવે એ શું કરે? આપે (સ.અ.વ.વ.) એ શખ્સને ફરમાવું કે, "તારી માઁ ના પગ ચૂમી લે અને તારા બાવાજીની પૈશાની ચૂમી લે અને જો તારા માઁ-બાવાજી વફાત થઈ ગયા હોય તો તેમની કબરોની ઝિયારત કર, અને માઁની કબરના પગ નઝદીક અને બાવાજીની કબરના માથા નઝદીક ઊભો રહીને તેમની મગફેરતની દુઆએ ખૈર કર કેમકે માઁના કદમ જન્નતની નીચલી ચૌખટ છે અને બાવાજીની પૈશાની જન્નતની ઉપરી ચૌખટ છે." આ બશારત આપના જ કલામે અન્વરથી સાબિત થાય છે કે **"અલ-જન્નતો તાહતા અકદામિલ ઊમ્મહાત,"** યાઅની કે **માઁ-બાવાજીના પગોને નીચે જન્નત છે, તેમની ખિદમતે ખાલેસાથી અલ્લાહ જન્નતનો તોહફો બખ્શે છે.**

વાલેદૈન સાથે ભલાઈ કરવી, એ તો રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની બાર સુન્નતોમાંથી સૌથી પહેલી અને અહમ સુન્નત છે. આપના આશિકે સાદિક હુઝૈફા આપના અસ્હાબોમાંથી હતા. હુઝૈફાના બાવાજી મુશ્રિક હતા અને એ એહલે ઈસ્લામને ખિલાફ જંગમાં મુશ્રેકીનની સફોમાં ઊભા રહેતા તો હુઝૈફાએ રસૂલેકરીમ (સ.અ.વ.વ.) ને અરઝ કીધી કે, યા નબીયલ્લાહ! શું મેં જંગમાં મારા બાવાજીને કત્લ કરૂં? આપે ફરમાવું કે, "ના, તમે એને એના હાલ પર છોડી દો, બીજું કોઈ એને જોઈ લેશે. અય હુઝૈફા તમેં તમારા બાવાજીના કહેવા પર શિર્ક ન કરજો, એને હર વક્ત હિદાયત દે જો અને એને સાથે ભલાઈ કરજો, સારો વેહવાર કરજો."

આજના ઉરયાન, શયતાની અને નુમાઈશી માહૌલમાં ઈન્સાન પોતાના આ દુનિયામાં હોવાના સબબને નઝરઅંદાઝ કરી દે છે, પીઠ પાછલ નાખી દે છે, તેથી રૂગરદાની કરે છે. પોતાના વાલેદૈન તરફના તેના અખ્લાક ખોખલા થઈ ચૂકા છે, તેમને વાસ્તે કુરબાની, ખિદમત અને એહતેરામ હવે ફક્ત લફઝની શિકલમાં જ બાકી રહ્યા છે. તો મુમેનીન હુશિયાર અને ખબરદાર થાવ! જે શખ્સ વાલેદૈનને દુઃખ આપશે, રોવડાવશે, ઈઝા આપશે, પરેશાન હાલ રાખશે, મોહતાજ બનાવશે, ઘરના રદ્દી સામાન જેમ સુલૂક કરશે, દર-બ-દર ભટકાવશે, એક બોઝ સમઝશે, ઝઈફી પર રહેમ નહી કરે, બેઈઝ્ઝત કરશે, બદકલામી કરશે; તો સમઝી લેજો કે એ શખ્સ વાસ્તે દુનિયા અને આખેરત કડવી બનશે. તેને વાસ્તે બરબાદી જ બરબાદી છે. જે શખ્સ પોતાના વાલેદૈનની ઈઝ્ઝત નથી કરતો, તેમના કલામ કરતા ઊંચો કલામ બોલે છે, તો અલ્લાહતઆલા એની ઔલાદ એ ફિતરત પર ઊઠાવશે કે એ તેની હરગીઝ ઈઝ્ઝત નહી કરે. આ કુદરતનો કાનૂન છે કે, "જૈસા કરોગે વૈસા ભરોગે", અને જો વાલેદૈનની ઝબાન થી ઔલાદની બદસુલૂકીના સબબ બદદુઆ નિકલી, તો એ કલામ તેને વાસ્તે આગની મિસ્લ બનશે અને તેનું ઘરબાર અને કારોબાર નેસ્ત-નાબૂદ તહસ-નહસ થઈ જાશે. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે **"મન ખદમા ખોદેમા", જે કોઇ બીજાની ખિદમત કરશે તો ઝરૂર તેની કોઇ બીજા ખિદમત કરશે જ.**

આ મોડ પર એક નસીહતઆમેઝ અને ઈબરતનાક કિસ્સાની ઝિક્ર કરવી મુનાસિબ છે કે, "એક બેવા ઔરત હતી, તેનો એકનો એક ફરઝન્દ હતો. ઘરની માલી હાલત ઘણી તંગ અને ખસ્તા હતી, મગર ફરઝન્દ બેહદ ઝહીન અને હુશિયાર હતો. તે બૈરોના અરમાન અને ઝિંદગીનો મકસદ જ એ હતો કે પોતાનો ફરઝન્દ ભણી-પઢીને કાબિલ અને નામવર શખ્સ બને. તેથી તે બૈરો પૂરો દિન બીજાના ઘરોમાં કામ કરી તનતોડ મહેનત કરીને ફરઝન્દને ભણાવો અને એક કામિયાબ ડોક્ટર બનાવો અને પછી તેના ફરઝન્દે કોઈ દૌલતમંદ ઊંચા ઘરાણાની દિકરી સાથે શાદી કીધી. તે બૈરોને થયું કે, હવે મારી ઝિંદગીનો મકસદ પૂરો થયો છે અને હું ફરઝન્દ સાથે મારી બકીયા ઝિંદગી ઈત્મિનાન થી ગુઝારીશ. વક્ત ગુઝરતો ગયો અને ફરઝન્દે ડોક્ટરીમાં ઘણી તરક્કી કીધી, દૌલતમંદ થયો, શોહરત હાસિલ થઈ અને એક આલીશાન બંગલો બનાવો અને તેમાં રહેવા ગયો. તેની માઁ પણ સાથે રહેવા લાગી. માઁની ખુશીની તો કઈ ઈન્તેહા જ ન હતી. પોતાના ફરઝન્દ વાસ્તે હર વક્ત બેહતરીની દુઆ કરતી. મગર આ ફરઝન્દની બૈરોને તેની માઁ નવા બંગલામાં ખટકતી હતી. તેને આ ઝઈફ અને કમઝોર માઁ, જૂના ઝમાનાના ખયાલ અને જૂના તરીકાની માઁ નવા મકાનમાં એક કાલા ઢબ્બા જેવી લાગવા લાગી. તેનો ફરઝન્દ તેની નાઝ-નખરાવાલી બેરહેમ બૈરોના હાથમાં કઠપૂતલી જેવો હતો, જેમ તેની બૈરો નચાવે તેમ તે અહમક ડોક્ટર નાચે. વક્ત એવો આવો કે તે બેવેએ તેની માઁને બંગલાના સર્વન્ટ રૂમ નઝદીક આઉટ હાઉસમાં એક નાનો રૂમ રહેવા વાસ્તે આપો. માઁ કોઈ ગિલા-શિકવા કીધા બગૈર તે રૂમમાં રહેવા લાગી અને પોતાના દિકરાને કહેતી કે, અય ફરઝન્દ ! જેમાં તું ખુશ છે તેમાં જ હું પણ ખુશ છું. તુંને કોઈ તરહની તકલીફ પડે તે હું કદી ચાહીશ નહીં. મગર તે ફરઝન્દ માઁના દિલની વાત સાંભલી શકતો ન હતો, માઁનું દિલ ગમગીન અને ચૂરચૂર થઈ ગયું હતું. **તેનો દિકરો પોતાની બૈરોની મક્કારીમાં અને દૌલતની ઝાકઝમાલમાં આંધલો થઇ ચૂકો હતો. પોતાની માઁની ખિદમત અને કુરબાનીથી તે બેખબર અને ગાફિલ થઇ ગયો હતો.** ખૈર, જે વક્ત પણ તે બેવા બૈરોને કોઈ ચીઝ ની ઝરૂરત પડતી તો તે ઘંટી વગાડતી અને તેનો આવાઝ સાંભલી બંગલાનો કોઈ નોકર તેની ઝરૂરત પૂરી કરતો, યહાઁ તક કે તેનું જમન પણ નોકરો તે બૈરોના રૂમમાં પહોંચાડતા. બંગલામાં તે બદકિસ્મત બૈરોની નોકરો કરતા પણ બદતર હાલત હતી. નોકરો તો બંગલામાં તેના કામ વાસ્તે જઈ શકતા હતા, મગર આ બૈરોને તો અંદર જાવાની પણ ઈજાઝત લેવી પડતી હતી. બીજી બાજુ તે ડોક્ટર ફરઝન્દે એ મુજબ તરક્કી કીધી કે, પોતાની એક બેમિસાલ હોસ્પિટલનો માલિક થયો અને બેહિસાબ દૌલત કમાવવા લાગો. આ દૌરાન તેમને એક ફરઝન્દ થયો, તે થોડો મોટો થયો, સમઝદાર થયો અને પોતાની દાદી પાસે જાવા લાગો. કેટલી વાર તો બેવે મરદ-બૈરો કામ સર પૂરો દિન બાહર રહેતા અને આ નાના ફરઝન્દને નોકરોને ભરોસે છોડીને જાતા. મગર આ કમસિન દિકરો નોકરને બદલે પોતાની દાદી સાથે પૂરો દિન ગુઝારતો, સાથે વાતચીત કરતો, સાથે જમતો અને માઅસુમીયતથી નાના-નાના હાથે દાદીના કામ કરતો અને રમતા-રમતા થાકીને સાથે સુઈ જાતો. દાદી અને આ દિકરા દરમ્યાન ગહેરી દોસ્તી અને બેઈન્તેહા મોહબ્બત કાઈમ થઈ. જાણે કે દાદીની ઉજડી ઝિંદગીના આખરી અય્યામમાં એક નવી બહાર આવી. દાદીને પોતાનો પ્યાર મિલો અને દિલને એક અજીબ સુકૂન હાસિલ થયું. મગર તે બૈરો ઘણી ઝઈફ થઈ ચુકી હતી અને આખિરકાર તે વફાત થઈ અને તેનો રૂમ ખાલી કરવામાં આવો. દાદી અને પોતાને દરમ્યાન જે ઈખ્લાસનો અને હમદર્દીનો રિશ્તો કાઈમ થયો હતો, તેની કોઈ ખબર ડોક્ટર અને તેની બૈરો ને નહોતી. તે બેવે તો એ જ ગુમાનમાં હતા કે તેઓની ગૈરહાઝરીમાં તેમના દિકરાની નોકરો જ દેખરેખ રાખતા હતા, ન કે તેમની માઁ.રૂમ જે વક્ત ખાલી થયો અને તેને બીજા નોકરને રહેવા વાસ્તે આપો તો તે ડોક્ટરને તેની માઁની ઘંટી યાદ આવી, તે તલાશ કરવા લાગો, પોતાના નાના દિકરાને પૂછવા લાગો, તો તે કમસિન બચ્ચું પોતાની માઅસૂમ અને મીઠી ઝબાનમાં બોલી ઉઠ્યું કે, **"તે ઘંટીને મેં સાચવીને મૂકી છે, જે વક્ત મારા મમ્મી દાદીમાઁ થાશે તો તેમને એ ઘંટીની ઝરૂર પડશે."**

આ ઈબ્રતનાક વાકેઆથી હમારી આઁખમાં બસીરતની નઝર આવવી જોઈએ. ઘરમાં બુઝુર્ગો અને વાલેદૈનના હોવાથી બચ્ચાઓની પરવરિશ કેવી ઉમ્દા તેહઝીબ અને અદબની બુનિયાદ પર થઈ શકે છે અને સાથે રહેવાથી, અરસ-પરસ મોહબ્બત રાખવાથી, ભાઈઓ સાથે હમદર્દી રાખવાથી, રિશ્તેદારો સાથે ખૈર સુલૂક અને રિશ્તો બરકરાર રાખવાથી હમારી આ મુખ્તસર ઝિંદગીની નાની-નાની ખુશીઓ મિલીને હમને કેવો ખુશહાલ, પરહેઝગાર અને મોહઝઝબ સમાજ તરીકે બનાવી શકે છે. અને જે ઘરોમાં ઔલાદ પોતાના વાલેદૈનનો હર તરીકાથી એહતેરામ કરે છે, તેઓ પર સુબ્હો શામ હર પલ અલ્લાહતઆલાની બેપનાહ રેહમત વરસા કરે છે, અને તે ઘરો ફરિશ્તાઓની ગુઝરગાહ બને છે.

અપનોં સે દૂર દૂર પરાયોં સે હૈં કરીબ,
બદઝન અદબસે ઔર નઈ તેહઝીબ કે નકીબ,
બેટા હો યા કે બેટી ચલન દોનોં કે અજીબ,
ઔલાદ ઐસી હોવે ન દુશ્મન કો ભી નસીબ,
દો ચાર પાઁચ સાત દે યા સિર્ફ એક દે,
દેના હી હૈં ખુદાયા તો ઔલાદ "નેક" દે. ★